Letter No: WCDD/0185/09/2023 Dt: 06-11-2023

કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે મૃત્યુ પામેલ આંગણવાડી કાર્યકર/ તેડાગરના આશ્રિતને રૂ.૨૫ લાખની સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક:WCDD/AMR/e-file/23/2022/0916/B1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

1. સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/ ૨૫૦/ક.
2. સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૩/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.
3. મહેસુલ વિભાગનો તા.૨૨/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સીએમએફ/૧૦૨૦૨૦/૮૫/ સી.એમ.ફંડ. _

પ્રસ્તાવના

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી ઉક્ત સહાય મંજૂર કરવાની સત્તા વહીવટી વિભાગના વડાને નિયત ચેકલીસ્ટને આધીન સોંપવામાં આવેલ છે. વંચાણે લીધા (૩) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસ (COVID-19) ના સંક્રમણને કારણે કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ લાખની સહાય માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિમાંથી ચુકવવાનું ઠરાવેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરની મળેલ દરખાસ્ત અન્વયે ભાવનગર જિલ્લા પંચાયત, આઇસીડીએસ, ગારિયાધાર ઘટકના મોટી વાવડી સેજાની સુરનગર-૧ આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી તેડાગર તરીકે ફરજ બજાવતા સ્વ. રાઠોડ કૈલાસબેન નંદલાલનાં કોરોના વાયરસના સંક્રમણના કારણે થયેલ દુ:ખદ અવસાન તા.૧૭/૦૫/૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ હોવાથી તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચ્ચીસ) લાખ રૂપિયાની સહાય મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

//હુકમ//

૨/- રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસ (COVID-19)નાં સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન સંક્રમિત થયેલ સ્વ.રાઠોડ કૈલાશબેન નંદલાલ, આંગણવાડી તેડાગરનાં દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓનાં આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય ચુકવવાની આથી અનુમતિ આપવામાં આવે છે.

૩/- સ્વ.રાઠોડ કૈલાશબેન નંદલાલનાં આશ્રિત/વારસદારનું નામ/સંબંધ વિગેરે વિગતો નીચે મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| (૧) | અવસાન પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરનુ નામ | : | સ્વ.રાઠોડ કૈલાશબેન નંદલાલ |
| (૨) | હોદ્દો | : | આંગણવાડી તેડાગર, સુરનગર-૧ |
| (૩) | કર્મચારીનુ અવસાન થયા તારીખ | : | ૧૭/૦૫/૨૦૨૧ |
| (૪) | અવસાન પામનારનુ સરનામુ | : | ૮૩ અનુ. જાતીવાસ, સુતાર શેરી, સુરનગર, તા.ગારીયાધર, જિ.ભાવનગર<br>પીનકોડ-૩૬૪૨૫૦ |
| (૫) | અવસાન પામનારના આશ્રિત/વારસદારનુ નામ/સંબંધ | : | શ્રી મુકેશભાઇ ટપુભાઇ ડોડીયા<br>સંબંધ: પતિ |
| (૬) | મૃતકના વારસદારના બેંક ખાતાની વિગત | : | સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા<br>ખાતા નં.: ૪૧૨૬૮૪૩૪૦૯૬<br>બ્રાન્ચ નામ: PARAVADI,<br>ISFC- SBIN0013475<br>MICR CODE: 364002517 |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર સચિવશ્રીની તા.૨૧/૦૫/૨૦૨૩ના રોજ નોંધ પર મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

Signature valid
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2023.11.06
11:09:52 +05:30

File No: WCDD/AMR/e-file/23/2022/0916/B1 Branch
Approved By: Ms Jasmine Hasrat(DS,B1 Branch,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: WCDD/0185/09/2023 Dt: 06-11-2023

માહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) સેકશન અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (બે નકલ)

(૬) સ્વ.રાઠોડ કૈલાશબેન નંદલાલનાં આશ્રિત કુટુંબને જાણ અર્થે (પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત ભાવનગર. મારફત)

(૭) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર વેબસાઇટ પર મુકવા સારુ.

(૮) શાખા સિલેક્ટ ફાઇલ

Signature valid
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2023.11.06
11:09:52 +05:30

File No: WCDD/AMR/e-file/23/2022/0916/B1 Branch
Approved By: Ms Jasmine Hasrat(DS,B1 Branch,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*